# બિલિવર્સ ઈસ્ટર્ન ચર્ચ વૈશ્વિક મુખ્યાલય

મેટ્રોપોલિટનની ઓફિસ, સિનડ સેક્રેટરિયટ, સંત .થોમસ કમ્યૂનિટી, થિરૂવલ્લા, કેરલા, ભારત .

## <u>ઘેટાંપાળકનો પત્ર</u>

જાન્યુઆરી /ફેબ્રુઆરી ૨૦૨૫

**મારા પ્રિય ઘેટાંપાળકો અને પવિત્ર ચર્ચના સર્વ વિશ્ર્વાસીગણો,**

આપણા પ્રભુ અને તારણહાર ઈસુ ખ્રિસ્ત તરફથી કૃપા, દયા અને શાંતિ તમારી સાથે રહો.✠

અનાદિકાળથી, મહાન ઉપવાસનો સમયગાળો એક એવો સમયગાળો રહ્યો છે જેમાં પવિત્ર ચર્ચ દ્વારા આપણા આત્માઓની શુદ્ધિકરણ માટે, પરમેશ્વર સાથેના આપણા સંબધને વધુ મજબૂત બનાવવા માટે, પોતાને નમ્ર બનવા માટે, આપણા પ્રભુની અપાર દયા પર મનન કરવા અને પાસ્ખા (ઇસ્ટર)ની ભવ્ય ઉજવણી માટે આપણા હૃદયોને તૈયાર કરવા માટે અલગ રાખવામાં આવેલો છે. આપણે આ પવિત્ર યાત્રા શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છીએ, ત્યારે હું, તમારા આધ્યાત્મિક પિતા તરીકે, તમને થોડાં ચોક્કસ માર્ગદર્શક સૂચનો પર ધ્યાન દોરવવા માગું છું, જે તમને આ પર્વનું વિશ્ર્વાસપૂર્વક અને અર્થપૂર્ણ રીતે પાલન કરવામાં મદદ કરશે:

**૧.ઉપવાસ:** મહાન ઉપવાસ દરમિયાન ઉપવાસની શિસ્ત એ પસ્તાવો અને આત્મ-નિયંત્રણનું કાર્ય છે. આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તએ સંત માથ્થીની સુવાર્તા અધ્યાય ૪:૧૭ માં કહ્યું:"પસ્તાવો કરો, કેમ કે સ્વર્ગનું રાજ્ય નજીક છે." પસ્તાવો એ માત્ર આપણા પાપોની સ્વીકૃતિ નથી, પરંતુ આપણા સમગ્ર અસ્તિત્વને પરમેશ્વર તરફ ફેરવવાનું છે, તેમની કૃપા, દયા અને શુદ્ધિકરણ મેળવવા માટે આપણે આપણા હૃદયને ખુલ્લા કરવાના છે. તેથી, ચાલો આપણે ફક્ત ભોજનથી દૂર રહેવા પર ધ્યાન કેન્દ્રિત ન કરીએ, પરંતુ એ બધાથી દૂર રહીએ જે આપણને પરમેશ્ર્વર અને આપણા સાથેના લોકોના સંબંધને અવરોધે છે - ગર્વ, ક્રોધ, લોભ, કટુતા અને એ બધી બાબતો જે આપણા આત્માના આંતરિક મંદિરને નુકશાન પહોચાડે છે.

**૨. વધારે પ્રાર્થના:** આવો આપણે પ્રાર્થના ના માધ્યમથી પરમેશ્ર્વર સાથેના આપણા સંબંધને વધુ મજબૂત બનાવવા માટે પોતાને સમર્પિત કરીએ.

- દૈનિક પ્રાર્થના: દરરોજ વ્યક્તિગત પ્રાર્થનાની નિયમિતતા સ્થાપિત કરો.
- લિટર્જીકલ પ્રાર્થના: આપણા ચર્ચમાં આયોજિત કરવામાં આવતી દૈનિક આરાધનાઓ અને પ્રાર્થનાઓમાં સક્રિયપણે ભાગ લઈએ,કારણ કે તે મનન અને આરાધના માટે ગંભીર સમય પ્રદાન કરે છે.
- ઈસુની પ્રાર્થના: શક્ય બને તેટલીક વધારે ઈસુની પ્રાર્થનાનો અભ્યાસ કરો: "પ્રભુ ઈસુ ખ્રિસ્ત,પરમેશ્ર્વરના પુત્ર,મુજ પાપી પર દયા કર."

**૩. દાન આપવું:** મહાન ઉપવાસ આપણને જરૂરિયાતમંદોની સંભાળ લેવા માટે બોલાવે છે. આપણા પ્રભુના વચનોને યાદ રાખીએ: "જે કંઈ તમે મારા આ ભાઈઓ અને બહેનોમાંથી નાનામાં નાના માટે કર્યું,તે તમે મારા માટે કર્યું" (સંત માથ્થી ૨૫:૪૦)

**ક.**તમારી આવક અને સંસાધનોનો એક ભાગ તમારા સમુદાયમાં ગરીબ અને જરૂરિયાતમંદોને મદદ કરવા માટે અલગ રાખો.

**ખ.** તમારો સમય,પ્રતિભા અને નાણાંનું યોગદાન આપીને, ચર્ચ દ્વારા શરૂઆત કરવામાં આવેલ કાર્યોમાં સક્રિયપણે ભાગ લો.

**ગ.** જેઓ પીડિત છે તેમના પ્રત્યે કરુણા દર્શાવો અને તમે જે કંઈપણ કરો તેમાં દયા,સહાનુભૂતિ અને સાંત્વના પ્રગટ કરો.

યાદ રાખો,આપણા દ્વારા કરવામાં આવેલી દરેક પ્રાર્થના,દરેક દાનનું કાર્ય, અને દરેક લાલચ પર વિજય પ્રાપ્ત કરવાનો પ્રયાસ આપણને પુનરુત્થાનના પ્રકાશની નજીક લઈ જાય છે.

મહાન ઉપવાસ એ માત્ર વ્યક્તિગત શિસ્ત નથી પરંતુ એક સાંપ્રદાયિક પ્રયાસ છે. આપણે એક ચર્ચ છીએ,અને આપણે સાથે મળીને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના ઉદાહરણને અનુસરવાનો પ્રયત્ન કરીએ,જેમણે ચાલીસ દિવસ સુધી રાનમાં ઉપવાસ કર્યો અને આપણને આત્મ-નકાર અને આધ્યાત્મિક નવીકરણનો માર્ગ બતાવ્યો.

પવિત્ર ચર્ચ દ્વારા આપવામાં આવતા ઉપવાસના સંસાધનોનો ઉપયોગ કરવાનું ભૂલશો નહીં,જેમ કે દૈનિક વચનનું વાંચન અને આપણા પ્રિય મેટ્રોપોલિટન પિતા,મોરાન મોર અથનેસિયસ યોહાન પ્રથમ(ધન્ય સ્મુતિ )ના લખાણો,તેમ આપણે આપણા આત્માનું પોષણ કરી શકીએ.

**આ પર્વ તમારા માટે આ સમય બની રહે:**

- વ્યક્તિગત ચિંતન,આધ્યાત્મિક વિકાસ અને સંબંધોને સારા બનાવવા માટે.
- જો તમે પરમેશ્વર અને બીજા લોકો સાથે તમારા સંબંધમાં નિષ્ફળ ગયા હોય તો આપણા અંતઃકરણનું નિષ્ઠાપૂર્વક પરીક્ષણ કરવા અને પસ્તાવો કરવા માટેનો સમય બની શકે.
- નમ્રતાપૂર્વક પાપ કબૂલાતની સંસ્કાર વિધિમાં ભાગ લો તાકી પરમેશ્વરની કૃપા દ્વારા તમારા આત્માનું શુદ્ધિકરણ મેળવી શકો.
- જેઓએ તમને અન્યાય કર્યો છે તેમને માફ કરવા અને જેમને તમે ઠેસ પહોંચાડી છે તેમનાથી માફી માંગવા.
- તમારી જાતને પરમેશ્વર અને બીજા લોકો સમક્ષ નમ્ર બનાવવા માટે.
- જ્યાં ભાગલા છે ત્યાં શાંતિ સ્થાપિત કરવા અને
- ખ્રિસ્તમાં એક શરીર તરીકે જીવવાનો પ્રયત્ન કરવા માટે.

હું તમારા દરેક માટે પ્રાર્થના કરું છું કે પરમેશ્વરની કૃપા તમને ઉપવાસના આ પવિત્ર દિવસો દરમિયાન મજબૂત રાખે. તે તમને તેમની ઈચ્છાને પારખવાની શાણપણ,તેમની આજ્ઞાઓનું પાલન કરવાની શક્તિ અને તેમની દયાને સર્વ સુધી પહોંચાડવાનો પ્રેમ આપે.

પવિત્ર ત્રિએક - પિતા,પુત્ર અને પવિત્ર આત્મા તેમની અપાર કૃપા અને દયાથી આપણું માર્ગદર્શન કરે અને સર્વ સંતો અને થિયોટોકોસની મધ્યસ્થતાથી પરમેશ્વરના સિંહાસનની સમક્ષ આપણું રક્ષણ કરે, અત્યારે અને સદા સર્વદા! . ✠ આમીન.

પિતૃત્વપૂર્ણ પ્રેમ અને પ્રાર્થનાઓની સાથે,

મોરન મોર સેમ્યુઅલ થિઓફિલસ તારીખ:૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫

મેટ્રોપોલિટન સ્થાન: વૈશ્વિક ચર્ચ મુખ્યાલય

---

નોંધ :આ પત્ર વિશ્વાસીઓના પ્રોત્સાહન માટે દરેક સ્થાનિક મંડળીમાં વાંચવામાં આવે .